
## જગદીશ ઠક્કર : એક અનોખું વ્યક્તિત્વ



વડાપ્રધાન કાર્યાલયમાં ફરજ બજાવતા જગદીશભાઈના દેહાવસાનના સમાચાર અંગત રીતે આંચકો આપનારા હતા અને છે. દશ વર્ષ સુધી સાથે બેસીને લગભગ રોજ પાંચ વાગ્યે ચા-નાસ્તો કરવાની દોસ્તી ખાલી અધિકારી સાથેની દોસ્તી નહોતી. જગદીશભાઈનું વ્યક્તિત્વ અદભુત હતું, અને એ કારણે બહુ બધાને દુઃખ થયું છે. કારણ હું જગદીશભાઈ સાથેની ઘનિષ્ઠ મિત્રતાને કારણે કહી શકું કે જગદીશભાઈનું વ્યક્તિત્ત્વ ત્રણ ભાગમાં જોવું જોઈએ. એક એવા અધિકારી હતા જેમને 'મીડિયા' સાથે વાત કરવાની અધિકૃત રીતે છુટ હતી. બીજી રીતે જોઈએ તો એક એવા પત્રકાર હતા જેમને કાયમ સરકારની તરફેણમાં જ લખવાનું હતું. અને ત્રીજી બાજું, જે સૌથી પ્રબળ હતી તે હતી, જગદીશભાઈ એક પ્રેમાળ અને લાગણીશીલ વ્યક્તિ હતા.

એમની તો લાંબી કારકીર્દી હતી અગાઉ એમને અનેક મુખ્યમંત્રીશ્રીઓ સાથે કામ કર્યુ હતું. એમને કલા કહી શકાય તે કક્ષાએ પોતાની કલમ અને મગજને કસ્યું હતું. મેં એમની સાથે ૨૦૦૫ થી ૨૦૧૪ સુધીના અગત્યના નિર્ણાયક વર્ષોમાં કામ કર્યુ, એ એડીશનલ ડાયરેક્ટર અને મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં પીઆરઓ અને હું કમિશ્નર. આમ તો 'મીડિયા મેનેજમેન્ટ'નો એક ત્રિકોણ હતો. એક છેડે સચિવ, બીજે છેડે કમિશ્નર અને ત્રીજે છેડે પીઆરઓ. આ સરકારનું એક ખુબ જ સંવેદનશીલ કામ હતું, અને એને કારણે 'સંકલન' શબ્દના બધા અર્થો સાર્થક થાય તે રીતે કામ કરવાનું હતું.

અમે રોજ મળતા, દિવસના અને રાતના દરેક કલાકમાં કાંતો ચર્ચા કરી છે અથવા સાથે બેસીને કામ કર્યુ છે. પણ સંકલનની એવી નાજુક રીતે જાળવણી કરી છે કે એક પણ વખત કોઈ વિવાદ થવા દીધો નથી, કે નથી અમારા સંબંધોમાં કશી ઉણપ આવી. સત્તાના છાયા પ્રદેશમાં 'નોર્મલ' રહેવું અઘરું હોય છે. અધિકારીઓને ખબર ના પડે એ રીતે હવા લાગી જતી હોય છે, અને વર્તન બદલાઈ જતું હોય છે. જગદીશભાઈ વડાપ્રધાન કાર્યાલયમાં આટલી 'પાવરફુલ' જગાએ હોવા છતાં ખુબ જ નિયમિત રીતે વાત કરતા. અને અદભુત રીતે વ્યકિતગત પ્રેમ જાળવી રાખતા. ફોન કરો, 'શું સાહેબ ! દિલ્હી આવ્યા છો, આવો, બપોરે સાથે જમીએ.. ' અનેક વખત સંસદમાં અને વડાપ્રધાનકાર્યાલયમાં અમે મળ્યા પણ જગદીશભાઈને આપણે ગાંધીનગરમાં મળતા હોઈએ એટલી જ સહજતા. તમે એમને ઘેર મળો કે ઓફિસમાં એમનું એ ભાવનગરી સ્મિત, સુદર્શન ઘનવટીથી સાચવેલી તબિયતનો એ જ ગાંધીનગરી ખોંખારો અને થાકેલી આંખોમાંથી છલકતો એ જ મિત્રતાનો રણકો.

એક પત્રકાર તરીકે એમની પોઝીટીવીટી અપાર. એમની લખવાની તાકાત અપ્રતિમ, મોદીસાહેબનું પ્રવચન ચાલતું હોય અને એ 'પ્રેસનોટ' તૈયાર કરી દે. એકવાર મને એમણે કહેલું, સાહેબ બોલે છે તે તમે સીધા જ કમ્પ્યુટરમાં લખો, લખ્યું, મઝા આવેલી. જગદીશભાઈની અજાતશત્રુતા એવી કે જેમણે જીવનમાં મોદી સાહેબ માટે એક શબ્દ પણ સારો ના લખ્યો હોય તેમની સાથે પણ એમની જબરી દોસ્તી. એમની બીજી એક બાબત એમનું પત્રકારનું નાક; એમને ખબર પડે કે આમાં ન્યુઝવેલ્યુ છે, અને આ બાબત બુમરેંગ થશે. અમે લગભગ રોજ અનેક સમાચારો અને તંત્રીલેખોનું પૃથક્કરણ કરીએ.

પ્રવચનના મુદ્દાઓની બાબતમાં એમની મોદી સાહેબ સાથેની 'કેમેસ્ટ્રી' અપ્રતિમ. એમને ખબર પડે કે આ બાબત 'ક્લીક' થશે. 'સાહેબને આ ગમશે, અને આ ઓછું ગમશે'. એ દરેકની સિદ્ધિ જોઈ રાજી થાય. મેં એમને કોઈનાથી અસલામતી કે ઈર્ષ્યાભાવ જોયો નહોતો. ખેલ મહાકુંભ કે પહેલી મેના મારા કાર્યક્રમના અંતે એમને એટલો બધો ગૌરવભાવ પ્રગટ કરેલો કે હું એ ભુલી શકું એમ નથી.

વ્યક્તિ તરીકે જગદીશભાઈ અદકેરા હતા. એમનો સંબંધ માહિતી ખાતાના તમામ અધિકારીઓ સાથે ખુબ જ અંગત કક્ષાનો. આ કારણે વીડિયો સ્ટ્રીમીંગ જ્યારે નવું નવુ હતુ ત્યારે કાર્યક્રમની જગાએથી એ સીડી લેતા આવે અને અમે સંકલન કરી લેતા. આવા જગદીશભાઈ અનેકોના 'દાદા' હતા. આજે એ નથી પણ એમની કાર્યપધ્ધતિ જીવિત છે એટલે એ રીતે એ અમર છે, અમારા સૌના હૈયામાં એ જીવતા જ છે, જગદીશભાઈ... વી મીસ યુ... જ્યાં હોવ ત્યાં અમર શાંતિ પામો...

- ભાગ્યેશ જહા

## રેડિયન્ટ સ્કૂલ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૬

સરગાસણ ખાતે સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે સરદાર સરોવર-ડેમ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સ્વામિનારાયણ ધામ-પોઈચા ખાતેનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઉપયોગી સાંસ્કૃતિક, ધાર્મિક, ઐતિહાસિક વારસાને પ્રત્યક્ષ નિહાળી તેને આત્મસાત કરી શકે તેવા ઉમદા હેતુસર યોજવામાં આવેલા આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા ત્યાં આયોજિત પ્રદર્શનોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ દરેકે સરદાર સરોવર ડેમ અને નર્મદા ટનલ નિહાળી પોઈચા સ્થિત સ્વામિનારાયણ મંદિરની ખૂબ જ પ્રચલિત એવી સંધ્યા આરતીનો લ્હાવો લીધો હતો. આ શાંતિપૂર્ણ અને સફળ પ્રવાસ બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકોને સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયાર અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### દેશના પ્રથમ ગ્રીન ઈકો ફ્રેન્ડલી રેલવે સ્ટેશનનું રાષ્ટ્રપતિ કોવિંદે કર્યું ભૂમિ પૂજન

## દેશની સૌપ્રથમ રેલવે યુનિવર્સિટીનું લોકાર્પણ ગુજરાતમાં

ગાંધીનગર, તા.૧૫

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાત મુલાકાતના ભાગરુપે નર્મદા કેવડિયા કોલોની પહોંચી ગયા છે. રાષ્ટ્રપતિનું સાધુબેટ હેલિપેટ ખાતે આગમન થતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ અહીંથી સીધા જ વેલી ઓફ ફ્લાવર જઈ સરદાર પટેલની સ્મૃતિમાં વૃક્ષારોપણ કરશે અને ત્યારબાદ ફ્લાવર શો નિહાળ્યો હતો. સાથે જ વૉલ ઓફ યુનિટી નજીક પ્રાર્થનાસભામાં પણ ભાગ લીધો હતો. વિશ્વની વિરાટતમ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ તેમણે કેવડિયા ખાતે ૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર રેલવે સ્ટેશનનું ખાત મૂહુર્ત કર્યુ હતું. કેવડીયામાં બનનાર દેશના પ્રથમ ગ્રીન ઈકો ફ્રેન્ડલી રેલવે સ્ટેશનનું રાષ્ટ્રપતિ કોવિંદે ભૂમિ પૂજન કર્યુ હતું.

રેલવે સ્ટેશનમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઈકો વોટરલેશ બાથરૂમ, ઈસ્યુલેટેડ સીસા, દીવાલ બનાવાશે. સ્ટેશન માસ્ટરની ઓફિસ, પ્રવાસીઓ માટે સામાન્ય પ્રતિક્ષા કક્ષ, વીવીઆઈપી પ્રતિક્ષા કક્ષ, વિદેશી પ્રવાસીઓ માટે લોન્જ બનાવવામાં આવશે. નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈને પ્રવાસીઓની ભીડ વધી રહી છે, જેથી પ્રવાસીઓ વધતા રેલવે સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવાયો હતો. આ પહેલા પ્રવાસીઓના સવલત માટે ફોર લેન રોડ બનાવી દેવાયા છે અને હવે રેલવે જંક્શન પણ બનશે. જેમાં ૧૮ કિલોમીટરની ડભોઈથી ચાંદોદની બ્રોડગેજ લાઈનને ૩૨ કિ.મી. લંબાવી ચાંદોદથી સીધી કેવડિયા લઈ જવામાં આવશે.

ગ્રીન રેલવે સ્ટેશનનું ડેમો સ્ટ્રકચર ખાતમુર્હૂત સ્થળે મુકવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ કોવિંદ ભૂમિપૂજન બાદ જાહેરસભાને સંબોધી. આ જાહેરસભાનાં કાર્યક્રમમાં ટોચનાં તમામ અગ્રણીઓ હાજરી આપી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી રૂપાણી, રેલ મંત્રી પિયુષ ગોયલ સહિત દિગ્ગજો જાહેરસભાને સંબોધી. જોકે રાષ્ટ્રપતિનાં કાર્યક્રમને લઈને થોડાક સમય માટે અન્ય પ્રવાસીઓ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રવેશ બંધ રહ્યું હતું.

ભારતની પ્રથમ અને વિશ્વની ત્રીજી રેલવે યુનિવર્સિટીનું વડોદરા ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કેન્દ્રીય રેલવે મંત્રી પિયુષ ગોયેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું છે. લાલબાગ વિસ્તાર ખાતેના રેલવે સંસ્થાન ખાતે આ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. રેલવેની પહેલી યુનિવર્સિટી વડોદરામાં સ્થાપવામાં આવી છે. જેમાં હવે રેલ વ્યવહાર, રેલવે વિષયમાં રિસર્ચનો અભ્યાસક્રમ શીખવાડાશે. આ સંસ્થાન ૫૫ એકરના પરિસરમાં ફેલાયેલું છે.

ઉલ્લેખનીય છે કે ૫ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ રેલવે યુનિવર્સિટીમાં ૨૦ રાજ્યના ૧૦૩ વિદ્યાર્થીઓની પહેલી બેચ શરૂ થઈ ચૂકી છે.

### ઈરડાએ નિયમમાં ફેરફાર કર્યો

## હવે નવાં વાહન માટે જૂનો વીમો માન્ય ગણાશે

ગાંધીનગર,તા.૧૬

વાહનની સાથે તેનો વીમો ખરીદવો પણ જરૂરી હોય છે. અત્યાર સુધી નિયમ હતો કે પર્સનલ એક્સીડેન્ટ કવર (સીપીએ) દરેક વાહન સાથે લેવો પડતો હતો પરંતુ ઈન્શોયરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઈરડા)એ નિયમમાં ફેરફાર કર્યો છે. નવા વર્ષથી આ નિયમ લાગુ પડી જશે. હવે જો તમારી પાસે પહેલાંથી જ એક વાહન છે તો તમારે સીપીએ બીજી વખત લેવાની જરૂર નથી. નવા નિયમથી લોકોને સીધો ૭૫૦ રૂપિયાનો ફાયદો થશે.

અત્યારે એક વાહન માલિકે પોતાના વાહન વીમાની સાથે ૭૫૦ રૂપિયાના ખર્ચે ૧૫ લાખ રૂપિયા સુધીનો ફરજિયાત પર્સનલ એક્સીડેન્ટ કવર ખરીદવું પડતું હતું. તેનાથી અનિવાર્ય રીતે પ્રત્યેક વાહન વીમા પોલિસી સાથે જ ખરીદવું પડતું હતું.

જો કે હવે ગ્રાહક પાસે અનેક વાહન છે તો તેણે વધારાના વાહનો માટે પર્સનલ એક્સીડેન્ટ ખરીદવાની જરૂર પડશે નહી જેથી તેના પ્રત્યેક વાહનદીઠ રૂા.૭૫૦ બચશે.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૫૬મો મણકો ॥

આવા ઉદ્દેશ્ય લઈને ગાંધી નીકળી પડે છે. શરૂઆતમાં એમની સાથે જે લોકો આવ્યા તે પણ સાથે સાથે જાય છે. ૨૫-૨૬ જણની ટૂકડી થઈ ગઈ હતી જોતજોતામાં જ, આખા દેશના ખૂણેખૂણામાંથી આવેલા લોકો હતા, કુદરતી રીતે બંગાળના લોકો વધુ હતા. એ લોકો બહાર નીકળે તો ગાંધીનગરના લોકોને શ્વાનોનો પરિચય બિલકુલ ઓછો નથી. મને તો આ પાંચ દહાડામાં પણ પરિચય થઈ ગયો. એનો એક સ્વભાવ એવો હોય કે ટોળું થઈને લોકો ચાલતા હોય તો એ પણ સાથે સાથે ચાલવા લાગે. એટલે તિબેટી નસ્લનો કૂતરો એ પેલા ટોળાની સાથે સાથે ચાલવા લાગ્યો, પછી થોડીવાર રહીને આગળ ગયો. આગળ જાય, જુએ પછી સાથે ચાલે. ગાંધીજીની સાથેના લોકોને એમ લાગ્યું કે આ કૂતરું બહુ આડું આવે છે



એટલે એને હડ હડ કરવા લાગ્યા, ખસેડવા લાગ્યા, ગાંધીજીએ કહ્યું કે થોભ્મો, થોભ્મો. આ કંઈક આપણને કહેવા માંગતું હોય એમ લાગે છે. હવે એમનો કોઈ દાવો નહોતો કે હું મનુષ્યેતર પ્રાણીઓની ભાષા પણ સમજું છું. તમે એમ કરોને તમે જરાક પાછળ રહો. હું આની સાથે સાથે જાઉં છું. ટોળીને પાછળ રાખીને સ્હેજ આગળ વધ્યા તો કૂતરાએ પાછા ફરીને આવવાનું બંધ કર્યું. આગળ ને આગળ વધ્યો. પછી એક જગ્યાએ આવીને ઊભું રહી ગયું, બેઠું અને આગલા પંજાથી જમીન ખોદવા લાગી. ગાંધીજી ચૂપચાપ જુએ છે, જમીન ખોદીને એમાંથી માણસનાં હાડપિંજર દેખાયાં. પછીથી ખબર કાઢતાં જણાયું કે આ કૂતરાનો જે માલિક હતો તે ઘરનાં બધાં માણસોનાં હાડપિંજર ત્યાં પડ્યા હતા. આ કૂતરાએ તે શોધી બતાવ્યાં અને ગાંધીજીએ એક જ વાક્ય કહ્યું : પરિસ્થિતિ એવી આવી છે કે, માણસ કરતાં કૂતરો વધારે વફાદાર છે. ઠેર ઠેર મનુષ્યકૃત સર્જેલી સૂનામીનાં દર્શન ગાંધીને થતાં હતાં. બે સંદેશા લઈને ગાંધી નીકળ્યા હતા. એક સંદેશો એમનો એ હતો : જેની ઉપર આક્રમણ થયું છે, હૂમલા થયા છે એને તો હું એટલું જ કહીશ કે બીશો નહીં, નિર્ભય રહો. અભયનો મંત્ર આપ્યો. અને જેણે આક્રમણ કર્યું છે એને હું એ કહીશ કે તમે ધર્મનો અર્થ સમજ્યા નથી, હું તમને તમારો ધર્મ શું કહે છે એ શીખવવા આવ્યો છું.

150 ગાંધીયાત્રા

૧૯૨૪માં જેનું વર્ણન કર્યું છે એપેન્ડીસાઈટીસને કારણે મુક્ત કર્યા હતા. કોઈ મુલાકાતીને સંદેશો આપ્યો હતો કે મૌલાના મહંમદ અલીને કહેજો કે જેલમાંથી મૌલાના થઈને બહાર નીકળીશ. ત્રીજીવારનો પાઠ ચાલે છે.

કોઈ ધર્મ નિર્દોષને મારવાનું કદી શીખવાડતો નથી.

ટેવ પેલી નાનપણની. આત્મ નિરીક્ષણ, આત્મ પરીક્ષણ, આત્મશોધન.

કોઈ મને નહીં પૂછે ? ૨૫ જણાની વચ્ચે ફરો છો.

એટલે કહ્યું, તમે બધા જુદા જુદા ગામોમાં વહેંચાઈ જાઓ. એટલી છૂટ આપી કે બબ્બે સાથે જજો. એક બંગાળી જાણનારો અને એક બંગાળી ન જાણનારો. એમ તમે બધા વહેંચાઈ જાઓ. બે મંત્રો લઈને આપણે નીકળ્યા છીએ. એક નિર્ભયતાનો અને એક ધર્મનો સાચો અર્થ કરવાનો. આ તમને જેવા સમજાય એવા તમારા આચરણ દ્વારા પ્રગટ થવા જોઈએ. તમારી આવડત, સ્વભાવ, કેળવણી, સંસ્કાર મુજબ કરજો. આ ગાંધીની સેનાના સૈનિકોને સેનાપતિનો આદેશ. તમને સૂઝે એમ કરજો, અંદરથી સૂઝે તેમ. એટલે એમના સચિવ પ્યારેલાલે કહ્યું કે બે મંત્ર નહીં એક જ મંત્ર લઈને ચાલવાનો, અભયનો. નિર્ભય બનો. હું તો નિર્ભયતાની વાત કરીશ. જે ગામ સાવ ઉઝડી ગયા હતા ત્યાં તે ગયા.

થોડા દિવસ પછી બારેક વર્ષની એક છોકરી આવી. મારા બધા સગાવ્હાલાઓ કપાઈ ગયા છે કે ભાગી ગયા છે પણ ક્યાં છે એ ખબર નથી. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ

## ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૦મું જ્ઞાનસત્ર ૧૧ જાન્યુઆરીથી સુરતમાં

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૦મું જ્ઞાનસત્ર ૧૧ જાન્યુઆરીથી સુરત ખાતે યોજાઈ રહ્યું છે.

૧૧થી ૧૩ જાન્યુઆરી દરમિયાન એમટીબી આર્ટ્સ કૉલેજ કેમ્પસ, અઠવાલાઈન્સ, સુરત ખાતે સિતાશું યશચંદ્રની અધ્યક્ષતામાં આ જ્ઞાનસત્ર યોજાઈ રહ્યું છે. ૧૧ જાન્યુઆરી ને શુક્રવારના રોજ સવારે ૮થી ૯ દરમિયાન ગાંધી ગીતયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ સવારે ૧૦ કલાક સુધી પુસ્તક પ્રદર્શન, વેચાણ યોજાશે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ચંદ્રશેખર કમ્બારના હસ્તે કરવામાં આવશે, વક્તવ્ય મણિભાઈ પ્રજાપતિ, ધવલ પટેલ દ્વારા આપવામાં આવશે અને સંચાલન સ્વાતિ મહેતા દ્વારા કરવામાં આવશે.

જ્ઞાનસત્રની પહેલી અને ઉદ્ઘાટન બેઠક શુક્રવારે સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ દરમિયાન યોજાશે, જેમાં ગીત 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી' પ્રસ્તુત કરવામાં આવશે. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ સી એસ જરીવાળા, સુરતના પ્રથમ નાગરિક ડૉ. જગદીશ પટેલ, સ્વાગત સમિતિના કાર્યકારી અધ્યક્ષ કશ્યપ મહેતા અને નર્મદ સાહિત્ય સભાના અધ્યક્ષ ડૉ. પ્રફુલ્લ દેસાઈ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. અધ્યક્ષ તરીકે સિતાંશુ યશચંદ્ર ઉપસ્થિત રહેશે, પ્રાસંગિક ભૂમિકા પ્રફુલ્લ રાવલ રજૂ કરશે. પરિષદના ઉપપ્રમુખ રાજેન્દ્ર પટેલ આભાર દર્શન કરશે.

બીજી બેઠક બપોરે ૧૧.૩૦થી ૧.૩૦ દરમિયાન યોજાશે, જે ભૂમિકા બેઠક રહેશે. ઈલાબેન ભટ્ટ આ બેઠકનાં અધ્યક્ષ રહેશે, 'આજની પરિસ્થિતિમાં ગાંધીજીનો અવાજ' વિષયે પ્રૉ. ભીખુભાઈ પારેખ વક્તવ્ય આપશે. સંચાલન સેજલ શાહ દ્વારા કરવામાં આવશે.

ત્રીજી બેઠક બપોરે ૩થી ૪ દરમિયાન યોજાશે, જેનો વિષય છે ભારતીય સાહિત્ય સંપર્ક. આ બેઠકમાં પ્રો. ચંદ્રશેખર કમ્બાર સાથે કમલ વોરા અને મહેશ ચંપકલાલનો સંવાદ યોજાશે, કાવ્યાનુવાદની પ્રસ્તુતિ વસંત જોષી તથા સંચાલન સમીર ભટ્ટ કરશે.

ચોથી બેઠક 'આપણી સાંસ્કૃતિક સમસ્યાઓ/શક્યતાઓ અને આપણું સાહિત્ય - સમયપટ ૧૮૫૭થી ૧૯૧૫' વિષયે સાંજે ૪.૧૫થી ૬.૧૫ દરમિયાન યોજાશે. બેઠખના અધ્યક્ષ શિરીષ પંચાલ રહેશે. 'સન સત્તાવનની ઘટનાનાં વિવિધ અર્થઘટનો વિષયે મકરંદ મહેતા, 'ગાંધી પૂર્વેના ગુજરાતી સાહિત્યમાં પરાધીનતાના વૈચારિક અને વાઙ્મય પ્રતિકારો નર્મદ, ગોવર્ધનરામના વિશેષ સંદર્ભે' વિષયે હસિત મહેતા અને 'ગાંધીપૂર્વેના ગુજરાતી સાહિત્યમાં પરાધીનતાના વૈચારિક અને વાઙ્મય પ્રતિકારો રમણભાઈ નીલકંઠ અને મણિલાલ નભુભાઈના વિશેષ સંદર્ભે' વિષયે હેમન્ત દવે વક્તવ્ય આપશે. સંચાલન પરીક્ષિત જોશી કરશે.

સાંજે ૬.૩૦થી રાત્રે ૮.૦૦ દરમિયાન અમર ભટ્ટ દ્વારા ગાંધી કાવ્યો તથા આ સંદર્ભે આલોકના કરતી થોડી વાતોની પ્રસ્તુતિ કરવામાં આવશે તથા દક્ષિણ ગુજરાતનાં આદિવાસી નૃત્યો પણ પ્રસ્તુત થશે. કાર્યક્રમ સંચાલન યામિની વ્યાસ દ્વારા કરવામાં આવશે.

'આપમી સાંસ્કૃતિક સમસ્યાઓ/શક્યતાઓ અને આપણું સાહિત્ય - સમયપટ ૧૯૧૬થી ૧૯૪૭' વિષયે જ્ઞાનસત્રની પાંચમી બેઠક ૧૨મીએ સવારે ૯.૩૦થી ૧૧.૩૦ દરમિયાન યોજાશે. રઘુવીર ચૌધરી બેઠકની અધ્યક્ષતા કરશે. 'ગુજરાતી સાહિત્ય સંદર્ભે ગાંધી-રવીન્દ્રનાથ સંવાદ' વિષયે શૈલેષ પરીખ, 'ગાંધીયુગની કવિતાનું સ્વર વૈવિધ્ય : ઝવેરચંદ મેઘાણી અને ઉમાશંકર જોશીના વિશેષ સંદર્ભે' વિષયે રમણ સોની અને 'ઈષત્ ઉવેખાયેલાં બે પ્રબળ વિચલનો : સુંદરમ્ અને જયંતિ દલાલના વિશેષ સંદર્ભે' પ્રવીણ પંડ્યા પોતાનું વક્તવ્ય આપશે. સંચાલન અરુંધતી દેસાઈ દ્વારા કરવામાં આવશે.

છઠ્ઠી બેઠક બપોરે ૧૧.૩૦થી ૧.૦૦ દરમિયાન 'સાહિત્યિક, કલાપરક અને વિદ્યાકીય સંસ્થાઓ : સંવેદનશીલતા, સહભાગિતા અને સ્વાયત્તતા' વિષયે યોજાશે. બેઠકમાં ઈલાબેન ભટ્ટ સાથે શ્રીધર વ્યાસ અને જયદેવ શુક્લ સંવાદ અને શ્રોતાઓ સાથે પ્રશ્નોત્તરીનો દોર સાધશે. સંચાલન પ્રજ્ઞા વશી દ્વારા કરવામાં આવશે.

સાતમી બેઠક 'આપણી સાંસ્કૃતિક સમસ્યાઓ/શક્યતાઓ અને આપણું સાહિત્ય : સમયપટ ૧૯૪૭થી આજ સુધી' વિષયે બપોરે ૩.૦૦થી ૫.૦૦ દરમિયાન યોજાશે. 'ગાંધી : માકર્સ, આંબેડકર, ટાગદોરના સમાવેશી સંદર્ભે' વિષયે બેઠકના અધ્યક્ષ પ્રકાશ ન. શાહ, 'દલિત ઓળખ અને ગુજરાતી સાહિત્ય : સમસ્યાઓ અને શક્યતાઓ' વિષયે ચંદુ મહેરિયા, 'આપણા આદિવાસીઓ અને આપણું સાહિત્ય : સમસ્યાઓ અને શક્યતાઓ' વિષયે કાનજી પટેલ, 'ચૂપ કેમ ? - સાંપ્રત ગુજરાતી સાહિત્યની આંતરખોજ' વિષયે ભરત મહેતા વક્તવ્ય આપશે. સંચાલન પીયૂષ ઠક્કર દ્વારા કરવામાં આવશે.

સાંજે ૬થી ૭ દરમિયાન 'બાલકૃષ્ણ દોશી સાથે એક સાંજ' યોજાશે. 'રહેવા-મળવાની ખુલ્લી જગ્યા : મારી સ્થાપત્યવિભાવના : લોકસંદર્ભે, ગાંધીસંદર્ભે' વિષયે જૈમિની મહેતા, બિપીન પટેલ વક્તવ્ય આપશે. સંચાલન પરસી એન્જિનિયર કરશે.

રાત્રે ૯ કલાકથી સ્મૃતિવંદના યોજાશે. ભગવતીકુમાર શર્મા અંગે રીના શર્મા અને મુકુલ ચોકસી વક્તવ્ય આપશે, ત્યારબાદ આર્ટીઝમ થિયેટર, સુરત દ્વારા 'એક આત્મા શુદ્ધ, ગૌતમ બુદ્ધ' નાટકની પ્રસ્તુતિ કરવામાં આવશે.

આઠમી બેઠક 'યુવામંચ' અંતર્ગત ૧૩મી જાન્યુઆરીએ સવારે ૯થી ૧૦.૩૦ દરમિયાન જ્ઞાનસત્રમાં જોડાયેલા શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓની કૃતિઓની પ્રસ્તુતિ ઈશાન દોશી અને પ્રતીક ગાંધી સાથે કરવામાં આવશે. જ્ઞાનસત્રની નવમી બેઠક સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ દરમિયાન 'ગાંધી : આવતી કાલે, અલગ રીતે' વિષયે યોજાશે. અધ્યક્ષપદે હિમાંશી શેલત રહેશે. વક્તા તરીકેની ભૂમિકા અચ્યુત યાજ્ઞાકિ, દિનકર જોષી, લીલાધર ગડા અને ભીમજી ખાચરિયા ભજવશે. સંચાલન રૂપા શેઠ દ્વારા કરવામાં આવશે. જ્ઞાનસત્રની દસમી બેઠક બપોરે ૧૨.૩૦થી ૧.૩૦ દરમિયાન યોજાશે, જે સત્રની સમાપન બેઠક રહેશે. આ બેઠકમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું સત્ર (સામાન્ય સભા) યોજાશે અને ઠરાવો, પ્રતિભાવો પ્રસ્તુત કરાશે. બંને સંસ્થાઓ વતી આભાર દર્શન પરિષદના મહામંત્રી પ્રફુલ્લ રાવલ દ્વારા કરવામાં આવશે.

જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઈચ્છતા પ્રતિનિધિઓ માટે ડેલિગેટ ફી રૂપિયા ૭૦૦ અને વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૩૦૦ નિયત કરવામાં આવી છે. કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે. ડેલિગેટ ફી ૨૦ ડિસેમ્બર સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદ ખાતે ભરી દેવાની સૂચના આયોજકો તરફથી જારી કરવામાં આવી છે.